જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૨૬/૧૦/૨૦૧૮ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૯૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૮૪ લીટર દેશી દારૂ, ૬ બોતલ ઇંગ્લીશ દારૂ અને ૨૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૩,૦૫૭/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૯૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૦૯૩/૧૮

**વાડજઃ** રવિભાઇ બ્રીજલાલ રાજપાલ (ઉ.વ.૫૪)(રહે.સ્વતંત્ર સેનાનીનગર અખબારનગર નવાવાડજ) એ તા.૨૫/૧૦/૧૮ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૯/૨૦૧૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી કેતન ભોગીલાલ ગોહીલ (રહે.રાજહંસ પાલનપુર કેનાલ રોડ સુરત) અને (૨) જૈમીન ધનશ્યામભાઇ પટેલ (રહે.પરબડીવાસ સોની ફળીયા પ્રાતિજ તા.જી.ગાંધીનગર) એ ભેગા મળી રવિભાઇ પાસેથી કુલ ત્રણ ફોર વ્હીલ ગાડી નંબર (૧) જીજે.૦૧.સી.જી.૪૮૪૮ (૨) જીજે.૨૭.ટી.૫૨૩૮ અને (૩) જીજે.૦૧.સી.વાય.૬૬૬૨ કુલ કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- માં વેચાણ લીધા બાદ, તે પેટે કોઇ રકમ નહીં ચુકવી રવિભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એન.ચૌધરી ચલાવે છે.

### ઘરફોડ ચોરીઃ- સમાચાર યાદી નં.૨૦૯૪/૧૮

**રખિયાલઃ** અબ્દુલજાવેદ અબ્દુલરશીદ શેખ (રહે.ગરીબ આવાસ યોજનાના મકાન ચાર માળીયા અજીત મીલ કમ્પાઉન્ડ રખીયાલ) એ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૦/૧૮ રાતના ૮/૦૦ થી તા.૨૫/૧૦/૧૮ સવારના ૭/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સેમસંગ નોટ-૯ મોબાઇલ ફોન કિમત રૂપિયા ૨૦,૦૦૦/-, રેડ-મી મોબાઇલ ફોન કિમત રૂપિયા ૨,૫૦૦/-, ચાંદીની વિંટી કિંમત રૂપિયા ૧,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૩,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.ગઢવી ચલાવે છે.

**<u>સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૯૫/૧૮</u>**

**કૃષ્ણનગરઃ** મીરાબહેન વા/ઓ ગુલાનસિંહ રાજપુત (ઉ.વ.૪૦)(રહે.સીતાબાગ સોસાયટી વિજય પાર્ક સામે કૃષ્ણનગર) તા.૨૫/૧૦/૧૮ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે કૃષ્ણનગ એમ.આર.એફ ટાયરના શો-રૂમ આગળ પ્રકાશ હિંદી સ્કુલ નજીક થી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મીરાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મીરાબહેન રાજપુતએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.વહોનિયા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૯૬/૧૮</u>**

**વાડજઃ** હેમંતભાઇ નટુભાઇ મકવાણા (રહે.કલા રેસીડેન્સી રેડીયો મીર્ચી ટાવર પાસે શ્યામલ ચાર રસ્તા) એ તા.૨૫/૧૦/૧૮ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૦/૧૮ સાજના ૬/૪૫ થી ૭/૪૫ વાગ્યા દરમ્યાન ઉસ્માનપુરા આર.બી.આઇની બાજુમાં અભીવૃધી એપાર્ટમેંટ ખાતેથી M.I. A-2 મોડેલના મોબાઇલ ફોન નંગ-૫ કુલ કિમત રૂપિયા ૮૫,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.પરમાર ચલાવે છે.

**ખાડીયાઃ** જયેન્દ્રભાઇ કાન્તીલાલ શાહ (રહે.ઉભો ખાંચો નાગજી ભુદરની પોળ માંડવીની પોળ માણેકચોક) એ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૦/૧૮ સવારના ૧૦/૩૦ થી સાજના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, રોકડ રૂપિયા તથા વસ્તુઓ મળી કુલ રૂપિયા ૩,૫૫,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.ચૌધરી ચલાવે છે.

**નરોડાઃ** અભીલાષ રાધાકૃષ્ણ કે.આર. (ઉ.વ.૨૩)(રહે.કુમાર સ્વામી લે-હાઉસ ૩૩ ક્રોસ રોડ બેંગલોર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૧૦/૧૮ રાતના ૯/૧૫ થી તા.૨૫/૧૦/૧૮ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોરબંદર થી અમદાવાદ નરોડા પાટીયા સુધીની ટ્રાવેલ્સમાં મુસાફરી દરમ્યાન ટ્રાવેલ્સની ડેકીમાંથી ટુલ બોક્ષ, સ્પેરપાર્ટ, સેફ્ટી સુઝલ મળી કુલ કિમત રૂપિયા ૭૨,૦૦૦/- મતાનો સામાન અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

**<u>દાઝી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૯૭/૧૮</u>**

**ગોમતીપુરઃ** તારાબહેન વા/ઓ દશરથલાલ પટેલ (ઉ.વ.૭૫) (રહે. લીંમડા પોળ ગોમતીપુર ગામ) તા.૧૯/૧૦/૧૮ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દિવાબત્તી કરતી વખતે દીવાની ઝાળ પહેરેલ કપડાને લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૧૦/૧૮ કલાક ૧૨/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.દેવીદાસ વીરભાણ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૮/૧૮**

**વેજલપુરઃ** બેબીબુસરા ડો/ઓ મહેબુબખાન પઠાણ (ઉ.વ.૧૫) (રહે. નુરે ઇલાહી સોસાયટી બરફની ફેકટરી પાસે જુહાપુરા) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૦/૧૮ બપોરના ૧/૦૦ થી ૩/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.પો.સ.ઇ આર.પી.વણઝારા ચલાવે છે.

**સરદારનગરઃ** અવધેશ રામધણી ચૌહાણ (ઉ.વ.૨૬) (રહે. સંજયનગરના છાપરા ઝુલેલાલ કિરાણા સ્ટોરની બાજુમાં આઇ.ટી.આઇ.રોડ નોબલનગર) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૦/૧૮ રાતના સમયે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ જે.કે બ્રહ્મભટ્ટ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.